મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૯૪ ટકા ● સાંજે ૮૪ ટકા

ગાંધીનગર તાપમાન

# અધિક માસ ૧૬મી ઓગસ્ટે પૂર્ણ : ૧૭મીથી શ્રાવણનો પ્રારંભ

## ૧૯ વર્ષ બાદ ૨૦૨૩માં શ્રાવણ માસમાં અધિક માસ આવ્યો : પવિત્ર મહિનામાં બ્રાહ્મણો, ગુરુઓ, ગાયો અને ઋષિઓની સેવા કરવાથી પુણ્યની પ્રાપ્તિ



આ અધિક મહિનો ગુજરાતી કેલેન્ડરમાં લગભગ ત્રણ વર્ષમાં એકવાર આવે છે. ૧૯ વર્ષ બાદ ૨૦૨૩માં શ્રાવણ માસમાં અધિક માસ આવ્યો છે. પુરુસોત્તમ માસ તરીકે પણ ઓળખાતાં આ મહિનામાં દાનપુણ્ય અને વિષ્ણુજી તેમજ દેવોના દેવ મહાદેવની પૂજા અર્ચનાનું વિશેષ મહત્વ છે. આ મહિનામાં માંગલિક કાર્યો થશે નહીં, પરંતુ અધિક મહિનામાં જમીન, મકાન કે વાહનની ખરીદી કરી શકાય છે. જ્યોતિષી કહે છે કે આ વર્ષે અધિક મહિનો ૧૮ જુલાઈથી શરૂ થયો હતો, જે હવે ૧૬ ઓગસ્ટ સુધી ચાલશે.આ મહિનામાં ઘર, પ્લોટ અથવા રિયલ એસ્ટેટ સંબંધિત ખરીદી પણ કરી શકાય છે. આ દિવસોમાં લગ્ન, સગાઈ અને અન્ય શુભ કાર્યો માટે ઘરેણાંની ખરીદી પણ કરી શકાય છે. શાસ્ત્રોમાં આ મહિનાના ખરીદી કરવા પર કોઈ પ્રતિબંધ નથી. આ સમય દરમિયાન વાહનો વગેરે પણ ખરીદી શકાય છે. ૧૯ વર્ષ પછી શ્રાવણ માસમાં અધિક માસ આવ્યો છે. અધિક માસ બે સૂર્ય સંક્રાંતિ વચ્ચે આવે છે. આ પવિત્ર મહિનો કોઈપણ ગુજરાતી મહિનાના નવા ચંદ્ર દિવસ પછી શરૂ થાય છે અને આગામી નવા ચંદ્ર દિવસ સુધી ચાલે છે. એટલા માટે આ મહિનો ૧૬ ઓગસ્ટના રોજ શ્રાવણની અમાવસ્યા પર સમાપ્ત થશે.

શ્રાવણ માસની શરૂઆત પછી શુભ કાર્ય શરૂ થશે.આ મહિનામાં સ્નાન-દાન, વ્રત-ઉપવાસ, પૂજા-પાઠ અને ભજન-કીર્તન સાથે આધ્યાત્મિક સાધના કરવાનો નિયમ પુરાણોમાં જણાવવામાં આવ્યો છે, પરંતુ કોઈપણ પ્રકારની ખરીદી કરવાની મનાઈ નથી. અધિક માસને પુરુષોત્તમ માસ પણ કહેવામાં આવે છે, તેથી આ દિવસોમાં ભગવાન વિષ્ણુની પૂજા કરવી જોઈએ. તે મહાન ધર્મ, દાન, જપ અને તપનો મહિનો માનવામાં આવે છે. આમાં અનેક ગુણોની સાથે લાભ પણ મળે છે.

વ્રત કરવાથી અનેકગણું ફળ મળે છે. આ પવિત્ર મહિનામાં બ્રાહ્મણો, ગુરુઓ, ગાયો અને ઋષિઓની સેવા કરવાથી મનોવાંચિત પુણ્ય ફળની પ્રાપ્તિ થાય છે.

## જન્મદિને વધામણી



મનિષ આર પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



એંજલ રણજીતભાઈ ઘાંઘ્રેશા
મો. ૭૦૪૩૧ ૪૭૩૧૦



યુગ અશ્વિન પટેલ



ભાવેશકુમાર કે પટેલ
મો. ૯૪૨૮૯ ૪૪૧૮૮



વિશાલ આર શ્રીમાળી
મો. ૬૩૫૪૭ ૧૭૦૯૩

## બ્રહ્મસમાજ સેક્ટર- ૩ દ્વારા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૬

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સંચાલિત સેક્ટર- ૩ શાખા દ્વારા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં સમાજના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

## એસ.વી.સ્કૂલમાં પેરેન્ટ્સ મીટિંગનો કાર્યક્રમ



ગાંધીનગર, તા.૦૭

સર્વવિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.વી.અંગ્રેજી પ્રાયમરી શાળામાં બીજી પેરેન્ટ્સ મીટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શિક્ષકો દ્વારા વાલીઓને વિદ્યાર્થીઓની વિવિધ ક્ષેત્ર માં પ્રગતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતાં. જેમાં વાલીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાલીઓને મૂંઝવતાં પ્રશ્નો અને સમસ્યાનું શિક્ષકો દ્વારા ખૂબ જ અસરકારક નિવારણ લાવવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓનાં સંલગ્ન વિવિધ વિષયો પર શિક્ષકો દ્વારા વાલીઓને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓને ભણતરની સાથેસાથે વિવિધ પ્રવૃતિઓમાં પણ રસ વધારવા વિશે વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## રાયસણમાં બલરામ નિવાસી શાળાના બાળકો માટે અધિક માસમાં ભોજન સમારંભ



ગાંધીનગર, તા. ૬

જોગણીમાતાજી મંદિર ખાતે સિનીયર સીટીઝન પાર્ક ખાતે બાબુભાઈ શંકરલાલ પટેલ (ચડાસણા) તરફથી બલરામ નિવાસી શાળાના બાળકો માટે પવિત્ર અધિક માસમાં અનેક પ્રવૃત્તિઓ સાથે જમણવાર યોજવામાં આવ્યો હતો. તેમજ બાબુભાઈના પરિવાર તરફથી બાળકોને પેન્સીલ આપવામાં આવી હતી. આ ઉપરાંત સુરેશભાઈ ભીખાભાઈ પટેલ તરફથી બાળકોને પેન્સીલ-રબર, હીરલબેન બાબુભાઈ પટેલ તરફથી બાળકોને જાતે પીરસીને પ્રમથી જમાડ્યા અને આશિર્વાદ આપવામાં આવ્યા હતા. જમણવાર પૂર્ણ થયા બાદ ગોરધનભાઈ પટેલ તરફથી બાળકોને જલજીરા (ઠંડાપીણા) આપવામાં આવ્યુ હતુ.

## વિશ્વ હિન્દુ પરિષદની મિટિંગ ગાંધીનગર ન્યાય મંદિર ખાતે સંપન્ન



વિશ્વ હિન્દુ પરિષદની મિટિંગ ગાંધીનગર ન્યાય મંદિર ખાતે મળેલ. જેમા અગ્રણી વકીલ યોગીનીબેન પરિખ, ચિન્મય જોષી, ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી, નરેન્દ્રસિંહ રાજપુત, વિષ્ણુભાઈ પટેલ, અશોક ગોસ્વામી, યોગેશ સોની, વિજયસિંહ ચાવડા એ વિધિ પૃકોષટની કામગીરીની સમજણ આપી આગામી કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરેલ. સૌ વકીલ મિત્રોને જોડાવવા આહવાન કર્યું હતું.



ઓગસ્ટ માસનો પ્રથમ રવિવાર ફ્રેન્ડ શીપ દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે સ્વપ્રવીલા-૩ પેથાપુરના નાના ભુલકાંઓએ પણ ફ્રેન્ડશીપ દિવસની ઉજવણી કરી હતી.

# સેવા માટે સત્તાની નહીં સેવા કરવાની સાચી ભાવના હોવી જરૂરી..!!

## ગાંધીનગરમાં એક યુવા મહિલા સેવાકર્મીએ સારુ શિક્ષણ મેળવીને સરકારી નોકરીના બદલે સેવાનો માર્ગ પકડ્યો : સંયુક્ત પરિવારમાં રહેવા સાથે જરૂરિયાતમંદ બાળકો, વિધવાઓ, વૃદ્ધો તેમજ દિવ્યાંગોને મદદરૂપ થવા ઉપરાંત પોતાનું સપનું પૂરું કરવા ફરી અભ્યાસ પણ શરૂ કર્યો




ગાંધીનગર, તા.૦૬

"સત્તા અમારા માટે સેવાનું માધ્યમ છે તેવું કહેતા અનેક વ્યક્તિઓ એવુ મને છે કે સેવા કરવા સત્તા જરૂરી છે અને તેમના માટે સેવા એટલે સત્તા પામવાનું સાધન બનતી જાય છે. જોકે જેને ખરેખર સેવા કરવી છે એ સત્તાથી દૂર રહીને પણ કરી શકે છે તેમજ અનેક નાગરિકોનું ભલું પણ કરી શકે છે, બસ અન્ય વ્યક્તિની તકલીફમાં તેને મદદરૂપ થવાની ભાવના હોવી જોઈએ. ભગવાન તમને કોઈ પણ સારા કામ માટે નિમિત્ત બનાવે છે, તો તમે એને ભગવાનની કૃપા સમજી સેવા કરતા રહેવું જોઈએ." આ પ્રકારની વિચારધારા ધરાવતા ગાંધીનગરમાં એક એવા યુવા મહિલા સેવાકર્મી વસે છે જેઓ સારુ શિક્ષણ મેળવીને સરકારી નોકરી મેળવી શકે તેવા સક્ષમ તેમજ એક સંતાનના માતા હોવા સાથે સંયુક્ત પરિવારમાં રહેતા હોવા છતાં પરિવારને સંભાળવા સાથે સતત અનેકવિધ સેવા પ્રવૃતિઓ સાથે સંકળાયેલા છે. ગાંધીનગરના સેક્ટર-૧૨માં રહેતા ઋષિકાબેન ચક્રવર્તી નામના આ મહિલા જેમના મુખારવિંદ પર સતત ફરકતું રહેતું સ્મિત જેમની ઓળખ છે અને તેવું જ સ્મિત તેઓ અનેક જરૂરિયાતમંદ વ્યક્તિઓના ચહેરા પણ લાવતા રહે છે અને તે માટે તેઓ વિવિધ સંસ્થાઓ અને દાતાઓનો સહયોગ પણ પામતા રહે છે.

પાટનગરમાં નગર નિયોજન વિભાગના મધ્યમ વર્ગીય સરકારી કર્મચારી સુરેશભાઈ ચુનારા અને તેમના ધર્મપત્ની ઉષાબેનના સુપુત્રી ઋષિકાબેન ગુજરાત યુનિવર્સીટીમાંથી સમાજશાસ્ત્રના વિષય સાથે અનુસ્નાતક થયાં તે દરમ્યાન પ્રાથમિક સ્કૂલમાં બાળકોને ભણાવવાની પાર્ટટાઈમ જોબ કરીને પોતાનો અભ્યાસ ખર્ચ જાતે ઉઠાવતા. તેમણે નારી સંરક્ષણ ગૃહમાં પણ નોકરી કરી જ્યાં તેમણે મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ અને લાચાર વ્યક્તિઓને જોયા જે પછી તેમની સેવા ભાવના બળવત્તર બની હતી. તેમણે સિદ્ધાર્થ લો કોલેજમાંથી એલએલબી પણ કર્યું અને તે પછી તેમણે ડિપ્લોમા ઈન લેબર પ્રેક્ટિસ કર્યું જેના આખરી પેપરના દિવસે તેમની પિતાના પરિવારિક મિત્ર એવાં બંગાળી એરફોર્સ સર્વિસમેનના પુત્ર સૈકત ચક્રવર્તી જેઓ ખાનગી બેંકમાં જોબ કરતાં હતા તેમની સાથે થઈ અને ઘડિયા લગ્ન પણ લેવાઈ ગયા હતા. બદલીપાત્ર જોબ હોવાથી લગ્ન પછી તરત જ તેમની વડોદરા ટ્રાન્સફર થઈને અને તે પછી રાજકોટ સહિતના વિવિધ સ્થળે બદલીઓ થતી રહી. જોકે જ્યાં રહ્યાં ત્યાં ઋષિકાબેન તેમની આસપાસમાં ઝુંપડપટ્ટી દેખાય ત્યાં બાળકોને મીઠાઈ-નાસ્તો આપવો કે ઠંડીમાં ગરમ વસ્ત્રો પુરા પાડવા અથવા શિક્ષણ માટેની ચીજવસ્તુઓનું વિતરણ કરવું જેવા સેવા કાર્યો કરતાં રહેતા હતા. આ પછી તેમના પતિની બદલી અમદાવાદ થઈ એટલે તે સમયે ઋષિકાબેને સે.૧૨માં પોતાના માતા-પિતાના ઘર નજીક જ ઘર ભાડે લઈ લીધું જેથી તમામ પરિવાર સાથે રહી શકાય અને તેમની સેવાકીય પ્રવૃત્તિઓ દરમ્યાન તેમનું નાનકડું સંતાન પણ સચવાઈ જાય. અહીં તેમણે સે.૧૨ની પ્રાથમિક શાળામાં ચોપડા વિતરણ, વૃક્ષારોપણ, કુંડા વિતરણ જેવી સેવાઓ સાથે ચિત્ર સ્પર્ધાઓ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરતા.

આ પછી સંયુક્ત પરિવારમાં સાથે રહેતા ઋષિકાબેન છેલ્લાં ઘણા સમયથી શહેરની અનેકવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈને વિવિધ પ્રવૃતિઓ કરતાં રહે છે. માતા-પિતા, સાસુ-સસરાની જવાબદારી, પતિ બાળકની સારસંભાળની જવાબદારી અને ઘરના તમામ કાર્યો જાતે કર્યા પછી પણ સમાજ માટે પણ કામ કરવાની તેમની સતત ધગશ ભગવાનના આશીર્વાદથી જ પુર્ણ થાય છે તેવું તેઓ માને છે. તેઓ સતત હસતા ચહેરે સેવા કાર્યો કરે છે જેમાં શ્રમિક પરિવારોના બાળકોને શિયાળાની ઠંડીમાં ગરમ સ્વેટર વિતરણ, નોટબુક ચોપડા વિતરણ તેમજ મીઠાઈ નાસ્તા વિતરણ જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ આ દરમિયાન તેઓ શહેરની વિવિધ સંસ્થાઓ જેમ કે ગુંજ ફાઉન્ડેશન, ગાંધીનગર ચમકાવવું છે, હેપ્પી યુથ ક્લબ, ઈસીડીસી અને રોટી બેંક સેવા વગેરે સાથે જોડાઈને પણ અનેકવિધ માનવ









સેવાની પ્રવૃત્તિઓ તેમજ રક્તદાન અને ચકલીઘર વિતરણ, કુંડા વિતરણ, વૃક્ષારોપણ સહિતની પ્રકૃતિલક્ષી પ્રવૃત્તિઓમાં સામેલ થતા રહ્યા છે. શહેરમાં વૃક્ષોના નિકંદન સામે અવાજ ઉઠાવવામાં પણ તેઓ પ્રકૃતિ રક્ષા અભિયાન સાથે જોડાઈને અગ્રેસર રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી ઋષિકાબેન જેને નોકરીની જરૂર હોય તેને નોકરી મેળવી આપવામાં, જેને કોઈ ચીજવસ્તુની જરૂર હોય તો તે પૂરી પાડવામાં, વૃદ્ધાશ્રમના વડીલોને મદદરૂપ થવામાં સતત કાર્યરત રહ્યા છે. તેમણે પાટનગરના ગ્રામ્ય વિસ્તારમાં પ્રોપર્ટી કાર્ડના સર્વેનું પણ કામ કર્યું અને શ્રમિકોને ઈ-શ્રમિક કાર્ડ કાઢવામાં મદદરૂપ થયા છે. નવા શાળા સત્ર દરમિયાન જરૂરિયાતમંદ બાળકોને સારી શાળામાં પ્રવેશ અપાવવામાં મદદરૂપ થઈને આશરે ૧૫થી વધુ બાળકોને આર.ટી.આઈ એક્ટ અંતર્ગત પ્રવેશ અપાવી ચૂક્યા છે. છેક દાહોદ પાસેના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારની શાળામાંથી આવેલા મદદના કોલને સ્વીકારીને સ્કૂલબેગ સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરી આવ્યા. કોરોના મહામારી દરમિયાન પણ સતત કાર્યરત રહીને તેમણે અનેક મધ્યમવર્ગીય પરિવારોને અનાજ કરિયાણાની કીટ પૂરી પાડી છે. વિધવા મહિલાઓને વિધવા સહાયનું માર્ગદર્શન પૂરું પાડી સહાય અપાવવામાં મદદરૂપ થયા. તેમનું અનેક સંસ્થાઓ દ્વારા સન્માન પણ કરવામાં આવી ચુક્યુ છે. છેલ્લા અઢી વર્ષથી તેઓ નિયમિત દર રવિવારે સવારે રોટી બેંક થકી નિયમિત રીતે જરૂરીયાતમંદોને ભોજન પહોંચાડવા સેવા આપે છે. આ ઉપરાંત તેઓ અપંગ માનવ કલ્યાણ કેન્દ્રના કાર્યાલયે દિવ્યાંગો માટેની કલ્યાણકારી સરકારી યોજનાઓનું માર્ગદર્શન આપી તે મેળવવા મદદરૂપ થાય છે. હજુ પણ તેમની ભણતરની ધગશ એવી જ છે, સામાજિક સેવા ક્ષેત્રે માસ્ટર ડિગ્રી એમએસડબલ્યુ મેળવવાનું તેમનું સ્વપ્ન પૂરું કરવા તેમણે હવે ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કોર્સમાં પ્રવેશ પણ મેળવ્યો છે. તેઓ માને છે કે જનસેવા એ જ પ્રભુ સેવા છે અને તે પરિવાર અને મિત્રોના સહકાર તથા આશીર્વાદથી જ શક્ય બને છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com